# આત્માની છ પ્રકૃતિઓ

જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવાં છતાં પણ
માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં=સ્વભાવમાં) જ
'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ
અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે
અર્થાત્ તે જ સમ્યગ્દર્શનની રીત છે.

સંકલન - CA. જયેશ મોહનલાલ શેઠ
*(બોરીવલી)*, B.Com., F.C.A.

## -: નમસ્કાર મંત્ર-અર્થ સહિત :-

| | | |
|---|---|---|
| નમો અરિહંતાણં | - | ત્રિકાળવર્તી તીર્થંકર પ્રમુખ અરિહંત ભગવંતોને સમય-સમયની વંદણા હોજો! |
| નમો સિદ્ધાણં | - | ત્રિકાળવર્તી સિદ્ધ ભગવંતોને સમય-સમયની વંદણા હોજો! |
| નમો આયરિયાણં | - | ત્રિકાળવર્તી ગણધર પ્રમુખ આચાર્ય ભગવંતોને સમય-સમયની વંદણા હોજો! |
| નમો ઉવજ્ઝાયાણં | - | ત્રિકાળવર્તી ઉપાધ્યાય ભગવંતોને સમય-સમયની વંદણા હોજો! |
| નમો લોએ સવ્વસાહૂણં | - | ત્રિકાળવર્તી સાધુ ભગવંતોને સમય-સમયની વંદણા હોજો! |
| એસો પંચ નમ્મોકારો | - | આ પાંચ નમસ્કાર સૂત્ર |
| સવ્વ પાવ પણાસણો | - | સર્વ પાપોનો નાશ કરનારા છે. |
| મંગલાણં ચ સવ્વેસિં | - | સર્વ મંગલોમાં |
| પઢમં હવઈ મંગલં | - | ઉત્કૃષ્ટ મંગલ છે |

## -: પંચ પરમેષ્ઠિ વંદન શ્લોક :-

અર્હન્તો ભગવન્ત ઈન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા, જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકા ।
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિન પ્રતિદિનંઃ, કુર્વન્તુ નો મંગલમ્ ॥

ૐ

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# આત્માની છ પ્રકૃતિઓ

**- સંકલન -**

CA. જયેશ મોહનલાલ શેઠ *(બોરીવલી)*, B.Com., F.C.A.

**- અર્પણ -**

માતા - પૂ. કાંતાબેન તથા

પિતા - પૂ. સ્વ. મોહનલાલ નાનચંદ શેઠને.

**જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવાં છતાં પણ માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં=સ્વભાવમાં) જ 'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે અર્થાત્ તે જ સમ્યગ્દર્શનની રીત છે.**

**પ્રકાશક** : શૈલેશ પુનમચંદ શાહ

**અનુમોદક - જયકળા નલિન ગાંધી પરિવાર**

## - અનુક્રમણિકા -


| *ક્રમ* | *વિષય* | *પૃષ્ઠ* |
|---|---|---|
| ૧. | અધમાધમ પ્રકૃતિ | ૩ |
| ૨. | અધમ પ્રકૃતિ | ૮ |
| ૩. | વિમધ્યમ પ્રકૃતિ | ૧૪ |
| ૪. | મધ્યમ પ્રકૃતિ | ૨૦ |
| ૫. | ઉત્તમ પ્રકૃતિ | ૨૮ |
| ૬. | ઉત્તમોત્તમ પ્રકૃતિ | ૩૯ |


સમ્યગ્દર્શન વિશે અધિક ગહન અભ્યાસ માટે દ્રવ્યાનુયોગ અને વસ્તુ વ્યવસ્થા સહિત લેખકની અન્ય કૃતિ નિઃશુલ્ક મેળવો - **'સમ્યક્‌દર્શનની રીત'** અને **'સુખી થવાની ચાવી'**

આ પુસ્તક અને અન્ય સાહિત્યની *pdf e-Book*

www.JAYESHSHETH.COM ઉપર ડાઉનલોડ કરી શકાશે.


© CA. **જયેશ મોહનલાલ શેઠ**


**મૂલ્ય :** અમૂલ્ય


**- સંપર્ક અને પ્રાપ્તિ સ્થાન -**

**શૈલેશ પુનમચંદ શાહ** - ૪૦૨, પારિજાત, સ્વામી સમર્થ માર્ગ,
(હનુમાન ક્રોસ રોડ નં ૨), વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭.
ફોન નં ૨૬૧૩ ૩૦૪૮ મોબાઈલ નં ૯૮૯૨૪૩૬૭૯૯/૯૩૨૪૩૩૭૩૨૬
Email : spshah1959@gmail.com

**મનીષ મોદી, હિંદી ગ્રંથ કાર્યાલય** - ૯, હિરાબાગ,
સી. પી. ટેંક રોડ, ચર્નીરોડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૦૪
મોબાઈલ નં. ૯૮૨૦૮૯૬૧૨૮
Email : manishymodi@gmail.com



*ટાઈપ સેટીંગ :* **સમીર પારેખ** - *ક્રિએટીવ પેજ સેટર્સ,* ફોન : ૮૩૬૯૨ ૬૮૬૯૫

*મુદ્રણ :* **નિલેશ પારેખ - પારસ પ્રિન્ટ્સ,** *ગોરેગામ, મુંબઈ* *ફોન :* ૯૯૬૯૧ ૭૬૪૩૨

ૐ

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# આત્માની છ પ્રકૃતિઓ

પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજે તત્વાર્થસૂત્રની સંબંધકારિકામાં આત્માની છ પ્રકૃતિઓ જણાવેલ છે.

**1. અધમાધમ 2. અધમ 3. વિમદ્યમ 4. મદ્યમ 5. ઉત્તમ 6. ઉત્તમોત્તમ**

સંસારી આત્માની આ છ પ્રકૃતિઓને જાણી લેવાથી જીવ પોતાનું આધ્યાત્મિક સ્તર (Level) જાણી શકે છે. મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે પોતાનું સ્તર જાણીને, તે અગર નીચું હોય તો સાચી દિશામાં પોતાનો પુરુષાર્થ વધારી શકે છે. પોતામાં જ પરિવર્તન કરવાનું છે, બીજામાં નહી. પ્રાયઃ જીવ બીજા જીવોને પોતાને અનુકુળ પરિવર્તિત કરવામાં જ હોંશિયારી, બુદ્ધિમાની, ચાલાકી વાપરે છે, પરંતુ ખરેખર તો પોતાની તમામ હોંશિયારી, બુદ્ધિમાની, ચાલાકી પોતાના આત્મહિત માટે જ લગાડવાની છે.

અત્રે આપેલ આત્માની છ પ્રકૃતિઓનું વર્ણન વાંચી-વિચારીને પોતે કેટલા બદલાઈ શકે તેમ છે અથવા પોતામાં કેટલું પરિવર્તન આવશ્યક છે, તેનો અંદાજ કાઢવો. જો જીવ

પોતે બદલવા ન ઈચ્છતો હોય તો તેના માટે મોક્ષમાર્ગ મળવો મુશ્કેલ જ છે. તેથી જે જીવ પોતાને બદલવા ઈચ્છુક હોય તેને જ આત્માની છ પ્રકૃતિઓનું વર્ણન કાર્યકારી થશે. તેવા જીવોને જ આત્માની છ પ્રકૃતિઓનું વર્ણન વાંચી-વિચારી ને સાચો લાભ થશે. સાચો લાભ એટલે આત્માની ઉન્નતિ.

આત્માની છ પ્રકૃતિઓની જેમ આત્માની લેશ્યાના પણ છ પ્રકાર છે. તે બે પ્રકારે હોય છે- એક દ્રવ્ય લેશ્યા અને બીજી ભાવ લેશ્યા. અત્રે તેનું વર્ણન અપેક્ષીત નથી, તેથી અહીં અમે લેશ્યાનું વર્ણન કરેલ નથી.

આત્માની છ પ્રકૃતિઓમાં અધમાધમ પ્રકૃતિથી અધમ પ્રકૃતિ સારી છે, અધમ પ્રકૃતિથી વિમધ્યમ પ્રકૃતિ સારી છે, વિમધ્યમ પ્રકૃતિથી મધ્યમ પ્રકૃતિ સારી છે. છતાં પ્રથમની ચાર પ્રકૃતિઓ મિથ્યાત્વના ઘરની જ છે. અર્થાત્ તે જીવને સમ્યગ્દર્શનથી દૂર જ રાખે છે. તેમાં મિથ્યાત્વની તરતમતા હોઈ શકે છે, પરંતુ પાંચમી ઉત્તમ પ્રકૃતિની પ્રાપ્તિ વગર સમ્યકત્વની પ્રાપ્તિ સંભવ જ નથી. અને સમ્યકત્વની પ્રાપ્તિ વગર મોક્ષમાર્ગની પ્રાપ્તિ પણ અસંભવિત જ છે.

આત્માની છ પ્રકૃતિઓનું વર્ણન મનુષ્યને ઉદ્દેશીને કરવામાં આવેલ છે. તેથી આત્માની છ પ્રકૃતિઓના વર્ણનમાં સર્વત્ર મનુષ્યનો જ ઉલ્લેખ આવશે. આ વર્ણન અમે સ્વાત્માનુભવ અને શાસ્ત્ર-અભ્યાસના આધારે કરેલ છે. છતાં વર્ણનમાં અમારી

કોઈ ભુલ-ચૂક થઈ હોય તો પ્રભુ સાક્ષીએ અમારા મિચ્છામિ દુક્કડમ. ઉત્તમ ક્ષમા.

**1. અધમાધમ પ્રકૃતિ :-** અધમાધમ પ્રકૃતિના માનવી પરલોકને માનતા નથી અને પોતે આત્મા છે એ વાત પણ માનતા નથી. તેવા જીવો આ લોકમાં પણ માનેલા પૌદ્‌ગલિક સુખની પ્રાપ્તિ અર્થે લોકલજ્જા રાખતા નથી, તેના માટે તેઓ ગમે તેવાં પાપકાર્યો કરતા પણ જરાય ખચકાતા નથી. તેઓ પરલોકને અને આત્માને માનતા જ ન હોવાથી, પરલોકમાં પાપના ફળ શું આવશે અને પરલોકમાં પોતાની શું દશા થશે, જેવા કોઈ જ વિચારો તેઓને આવતા નથી.

આવા જીવો પ્રાયઃ પાપાનુબંધી પાપ અથવા પાપાનુબંધી પુણ્યના ઉદયવાળાં હોય છે. તેથી તેઓ ગરીબ હોય કે અમીર હોય છતાં કોઈપણ જાતના પાપો કરતા ડરતા નથી. પ્રાયઃ આવા જીવો સપ્ત મહાવ્યસન (ચોરી, જુગાર, દારૂ, માંસભક્ષ્યણ, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન) આચરનારા હોય છે, છતાં તેનો તેમને કોઈ જાતનો ડંખ હોતો નથી. ઉલટું તેઓ તેને જીવનની સાચી મઝા સમજતાં હોય છે, તેથી તેઓ તેવાં સપ્ત મહાવ્યસનને પરમ સેવવાયોગ્ય માનતા હોય છે અને રસપૂર્વક સેવન પણ કરતા હોય છે. તેઓને ખાવા-પીવાનો વિવેક હોતો નથી તેથી તેઓને અભક્ષ્ય ભોજનનો જરા પણ છોછ હોતો નથી અને દારૂ, ગાંજા, ડ્રગ, તમાકુ, વગેરેનો પણ

છૂટથી ઉપયોગ કરતાં હોય છે. તેઓ વિષયાસક્ત હોય છે. તેથી ભોગનો ત્યાગ તેઓને બહુ આકરો લાગે છે, તેઓ અત્યંત ભોગલોલુપ હોય છે.

અધમાધમ પ્રકૃતિનો માનવી પોતાના આખા જન્મારામાં મહાભયંકર પાપો આચરીને આગામી અનન્તકાળ માટે દુ:ખમય ગતિઓનું સર્જન કરે છે, અનન્ત પાપોનો બંધ કરે છે. આવા જીવો આ જન્મમાં સાચું સુખ પામતા નથી, તેમજ આગામી અનન્તકાળ પણ સાચું સુખ પામવાની સંભાવના જૂજ જ હોય છે. તેઓને રાગ-દ્બેશ (ગમો-અણગમો) અતિ તીવ્ર હોય છે, તેથી અણગમતા પ્રત્યે ધિક્કારભાવ પણ ભારોભાર ભરેલો હોય છે. તેથી પાપકર્મોનો બંધ પણ અતિ તીવ્ર હોય છે.

આવા જીવોને જગતના ધિક્કારને પાત્ર તમામ કામો કરતાં જરાપણ છોછ હોતો નથી. તેઓને આ જગતની કોઈ દરકાર હોતી નથી અને પરલોકને માનતા ન હોવાથી, તેની પણ દરકાર હોતી નથી. પરલોકમાં આ પાપોના ફળનો કોઈ જ વિચાર હોતો નથી. લોકો મારા માટે શું કહેશે? લોકો મારા માટે શું વિચારશે? જેવા વિચારો તેઓને હોતા નથી.

આવા જીવો વર્તમાન જન્મમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારના ઘોર પાપાનુષ્ઠાન કરતા પણ અચકાતા નથી. તેઓ સિદ્ધિ, સંપત્તિ માટે કાંઈપણ કરી શકે છે.

'આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો (કોણે જોયો છે)?'

અધમાધમ પ્રકૃતિના જીવોને આવા જ ભાવો હોય છે. તેથી પરલોકમાં પોતાના હિતના કોઈ જ વિચારો તેઓને હોતા નથી. તેથી તેઓ તમામ પ્રકારની અનીતિઓ આચરે છે. તેઓની વૃત્તિઓ મલિન હોય છે. તેઓ ધર્મનો પણ દૂરોપયોગ કરે છે, ઘણીવાર ધર્મની હાંસી ઉડાવતા પણ જણાય છે અથવા ધર્મનો ઢોંગ કરી સંપત્તિ બનાવતા પણ જોવા મળે છે.

આવા લોકો અતિ ક્રૂર સ્વભાવના હોય છે. લોકોનો વિશ્વાસઘાત કરતા જરા પણ અચકાતા નથી. પોતાના ફાયદા માટે બીજાને મોટા નુકસાનમાં ડૂબાડતા પણ જરાય અચકાતા નથી. પોતાના સ્વાર્થમાં અડચણરૂપ થતા લોકોનો કોઈપણ રીતે કાંટો કાઢી નાખતા અથવા કઢાવી નાખતાય અચકાતાં નથી.

આવા લોકો સત્તા અને સંપત્તિના બળે બધું જ પોતાનું ધાર્યું કરાવવાવાળા હોય છે. તેઓ સત્તા અને સંપત્તિને જ સર્વસ્વ માનવાવાળા હોય છે અને તેઓ તેનો જ અહંકાર લઈને ફરતા હોય છે. તેથી તેઓ સત્તા અને સંપત્તિ માટે સગ્ગા ભાઈની પણ શરમ રાખતાં નથી, સમય આવ્યે તેને પણ છેતરતા અચકાતા નથી. જેની પાસે સત્તા અને સંપત્તિ નથી એવા અધમાધમ પ્રકૃતિના લોકો પણ આવું વિચારતા અચકાતા નથી. આવા લોકો દાનાદિમાં (દાન-શીલ-તપ-ભાવમાં) માનતા હોતા નથી, પરંતુ કોઈ લાભ અથવા નામ માટે દાનાદિ કરતા પણ

હોઈ શકે છે.

આવા જીવોને સંપત્તિ માટે ભયંકર હિંસાના ધંધા કરતા અથવા એમાં રોકાણ કરતાં જરા પણ છોછ થતો નથી. ઉલટું તેઓ તેમાંથી વધારેમાં વધારે કઈ રીતે કમાઈ શકાય તેની વ્યવસ્થામાં જોડાયેલા હોય છે. તેવાં ધંધામાં થતા પાપનો અફસોસ કરવાને બદલે કેટલું કમાયા તે વાતમાં તેઓને અધિક રસ હોય છે. ધન માટે અધમ અને વિમધ્યમ પ્રકૃતિના લોકો પણ ક્યારેક લોભમાં આવીને આવાં હિંસાના ધંધામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે ભાગીદાર બની જાય છે. તેથી તેઓ પણ અંશે અધમાધમ રૂપે પરિણમી જાય છે.

આવા જીવોનો સ્વભાવ અતિ ક્રૂર અને પરિણામો અતિ મલિન હોવાથી પ્રાયઃ નરકનું જ આયુષ્ય બાંધે છે અને ત્યાંથી નીકળીને ક્રૂર જાનવર બનીને ફરી-ફરી નરકે જાય છે. આમ દુઃખો ભોગવતાં-ભોગવતાં છેલ્લે અનન્તકાળ નિગોદમાં કાઢે છે અને અનન્તાનન્ત દુઃખો ભોગવે છે. આવા જીવો એકેન્દ્રિયમાં અસંખ્યાત પુદગલ પરાવર્તન સુધી રહી શકે છે કે જેમાં દુઃખ જ દુઃખ છે.

આવા જીવો પાપ-પુણ્યમાં (કર્મમાં) માનતા ન હોવાથી આ જગતના કોઈપણ નીંદનીય કામ કરતા અચકાતા નથી. લોકો શું બોલશે તેની તેઓને પરવા હોતી નથી, લોકલાજ હોતી નથી. તેઓ ધન અને મિલકત માટે કોઈપણ સ્તર સુધી નીચા

જઈ શકે છે. ગમે તેની સાથે છેતરપીંડી કરી શકે છે, મિત્ર હોય કે સગાં-સંબંધી હોય છતાં તેઓને છેતરતા અચકાતા નથી. છેતરપીંડીનું આયોજન એવું હોય કે કોઈનેય સ્વપ્નેય ખ્યાલ ન આવે અને કદાચ છેતરાયાં પછી પણ સામેવાળો સમજી ન શકે કે આણે મને છેતર્યો છે.

આવા લોકો ધનવાનોને જ સર્વગુણ સંપન્ન માનતા હોય છે અને તેઓનું જ અનુસરણ કરતા હોય છે. ઘણી વખત લાલચથી પ્રેરાઈને બહારથી ધર્મીષ્ઠ હોવાનો ડોળ પણ કરતા હોય છે. ધર્મને પણ તેઓ લોકોને છેતરવા માટે જ વાપરે છે. ધર્મમાં પણ આવા લોકો પોતાનું ધાર્યું કરાવવાં કોઈપણ સ્તર સુધી નીચે જતા જરાપણ ખચકાતા નથી.

હુંડા અવસર્પિણી પાંચમાં આરામાં (કળીયુગમાં) આવા લોકોનો પ્રભાવ બહુ વર્તાય છે. તેઓ પોતાને સર્વગુણ સંપન્ન માનીને વ્યવહાર કરતા હોય છે અને સાચા ધર્મી જીવો ઉપર ખોટા આરોપો મુકીને અથવા ઢોંગી કહીને બદનામ પણ કરતા હોય છે. આવા જીવોને સાચા ધર્મી જીવોનો ઉપદેશ પચતો નથી તેમજ રૂચતો પણ નથી. દેખાવ ખાતર તેઓ કોઈ અનુકૂળ સંપ્રદાયનો ધર્મ (સગવડીયો ધર્મ) પણ કરતા હોઈ શકે છે.

ઘણાં જીવોમાં અધમાધમ પ્રકૃતિ આંશિકરૂપે પણ હોય છે. આંશિકરૂપે અધમ પ્રકૃતિ હોઈ શકે અને આંશિકરૂપે અધમાધમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. જેમ કે અમુક ક્ષેત્રમાં, કામમાં, વર્તનમાં,

વાણીમાં, વિચારોમાં અથવા વ્યવહારમાં તેઓમાં અધમાધમ અથવા અધમ પ્રકૃતિ હોઈ શકે છે. તેઓ ઉપર-ઉપરના દેખાવ ખાતર અથવા કોઈને છેતરવા માટે વિમધ્યમ પ્રકૃતિ જેવો વ્યવહાર પણ કરી શકે છે. અત્રે અધમાધમ પ્રકૃતિના જીવો વિશે વાંચીને બીજાં જીવોને તપાસી-ચકાસીને તેમનું પ્રમાણપત્ર બનાવવાનું નથી કે નથી તેઓ પ્રત્યે ધિક્કાર ઉત્પન્ન થવા દેવાનો. આવા જીવો એકમાત્ર કરૂણાને પાત્ર જ છે. તેવા લક્ષણો જો આપણામાં હોય તો ત્વરાએ મોક્ષના લક્ષે તેને દૂર કરવા અને સત્ય-ધર્મની પ્રાપ્તિનો પુરુષાર્થ આદરવો જોઈએ.

**2. અધમ પ્રકૃતિ :-** અધમ પ્રકૃતિનો માનવી પરલોકને માનતો નથી અને પોતે આત્મા છે એ વાત પણ માનતો નથી. આવા જીવો બીજાને છેતરવા અથવા પોતાને ધર્મી ખપાવવા જરૂરત અનુસાર હું આત્મા છું એવું બોલતા પણ હોય શકે છે, પણ તેઓ અંતરથી એવું માનતા નથી. તેઓ આ લોકમાં બદનામીના ડરથી છડેચોક અધમાધમ પ્રકૃતિના જીવો જેવું કામ કરતા નથી. તેઓ આ લોકનાં માનેલા પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ અર્થે જ પુરો પુરૂષાર્થ કરે છે. તેના માટે ગમે તેવાં પાપકાર્યો કરતા પણ તેઓ જરાય ખચકાતાં નથી, પરંતુ લોકની નજરે ન ચડી જવાય તેનો તેઓ ખ્યાલ રાખે છે. તેઓ પરલોકને અને આત્માને માનતા જ ન હોવાથી, પરલોકમાં પાપના ફળ શું આવશે અને પરલોકમાં પોતાની શું દશા થશે, જેવાં કોઈ જ

વિચારો તેઓને આવતા નથી.

આવા જીવો પ્રાયઃ પાપાનુબંધી પાપ અથવા પાપાનુબંધી પુણ્યનાં ઉદયવાળા હોય છે. તેથી તેઓ ગરીબ હોય કે અમીર હોય છતાં કોઈપણ જાતના પાપો કરતા ડરતા નથી. પ્રાયઃ આવા જીવો સપ્ત મહાવ્યસન (ચોરી, જુગાર, દારૂ, માંસભક્ષ્યણ, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન) છૂપાઈને સેવતા હોય છે, છતાં તેનો તેમને કોઈ જાતનો ડંખ હોતો નથી. ઉલટું તેઓ તેને જીવનની સાચી મઝા સમજતા હોય છે, તેથી તેઓ તેવાં સપ્ત મહાવ્યસનને પરમ સેવવાયોગ્ય માનતા હોય છે અને રસપૂર્વક સેવન પણ કરતા હોય છે. તેઓને ખાવા-પીવાનો વિવેક હોતો નથી તેથી તેઓને અભક્ષ્ય ભોજનનો જરા પણ છોછ હોતો નથી અને દારૂ, ગાંજા, ડ્રગ, તમાકુ, વગેરેનો પણ છૂપાઈને ઉપયોગ કરતાં હોય શકે છે. તેઓ વિષયાસક્ત હોય છે. તેથી ભોગનો ત્યાગ તેઓને બહુ આકરો લાગે છે, તેઓ અત્યંત ભોગલોલુપ હોય છે.

અધમ પ્રકૃતિનો માનવી પોતાના આખા જન્મારામાં છૂપાઈને (પકડાઈ ન જવાય તે રીતે) પાપો આચરીને આગામી અનન્તકાળ માટે દુઃખમય ગતિઓનું સર્જન કરે છે, અનન્ત પાપોનો બંધ કરે છે. આવા જીવો આ જન્મમાં સાચું સુખ પામતા નથી, તેમજ આગામી અનન્તકાળ પણ સુખ પામવાની સંભાવના ઓછી જ છે. તેઓને રાગ-દ્વેશ (ગમો-અણગમો)

તીવ્ર હોય છે, તેથી અણગમતાં જીવો પ્રત્યે ધિક્કારભાવ પણ ભારોભાર ભરેલો હોય છે. તેથી પાપકર્મોનો બંધ પણ તીવ્ર હોય છે.

જગતના ધિક્કારને પાત્ર તમામ કામો કરતા જો લોકો જાણી ન જાય, તો આવા જીવોને તેવા તમામ કામો કરવાનો જરાપણ છોછ હોતો નથી. તેઓને આ જગતમાં ખરાબ માણસ તરીકે ચીતરાઈ ન જવાય તેટલી જ દરકાર હોય છે પરંતુ પરલોકને માનતા ન હોવાથી, તેની દરકાર હોતી નથી. તેથી પરલોકમાં આ પાપોના ફળનો કોઈ જ વિચાર હોતો નથી. લોકો મારા માટે શું કહેશે? લોકો મારા માટે શું વિચારશે? જેવા વિચારોથી તેઓ ઉપરથી સારા દેખાવાનો પ્રયત્ન અવશ્ય કરે છે.

આવા જીવો વર્તમાન જન્મમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારના તપ, અનુષ્ઠાન, પાપાનુષ્ઠાન કરતા પણ જણાય છે. તેઓ સિદ્ધિ, સંપત્તિ માટે કાંઈપણ કરતા અચકાતાં નથી.

'આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો (કોણે જોયો છે)?' એવા ભાવો અધમ જીવોને પણ હોય છે. તેથી પરલોકમાં પોતાના હિતના કોઈ જ વિચારો તેઓને હોતા નથી. તેથી તેઓ તમામ પ્રકારની અનીતિઓ આચરે છે. તેઓની વૃત્તિઓ મલિન હોય છે. તેઓ ધર્મનો પણ દૂરોપયોગ કરે છે, ઘણીવાર ધર્મની હાંસી ઉડાવતાં પણ જણાય છે અથવા ધર્મનો ઢોંગ કરી સંપત્તિ

બનાવતાં પણ જોવા મળે છે. તેઓ ધર્મનો ઉપયોગ આ લોકનાં પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ માટે કરતા પણ અચકાતા નથી.

આવા લોકો ક્રૂર સ્વભાવના હોય છે. લોકોને ઉપરથી સારાં દેખાઈને, બીજાને છેતરતા જરા પણ અચકાતા નથી. પોતાનાં ફાયદા માટે બીજાને મોટા નુકસાનમાં ડૂબાડતા પણ જરાય અચકાતા નથી. પોતાના સ્વાર્થમાં અડચણરૂપ થતા લોકોનો કોઈપણ રીતે કાંટો કાઢી નાખતા અથવા કઢાવી નાખતાય અચકાતા નથી.

આવા લોકો પણ સત્તા અને સંપત્તિના બળે જ, દરેક જગ્યાએ પોતાનું ધાર્યું કરાવવાવાળા હોય છે. તેઓ પણ સંપત્તિ અને સત્તાને જ સર્વસ્વ માનવાવાળા હોય છે અને તેઓ તેનો જ અહંકાર લઈને ફરતાં હોય છે. તેથી તેઓ સત્તા અને સંપત્તિ માટે સગ્ગા ભાઈને પણ મીઠુ બોલીને છેતરતા અચકાતા નથી. જેની પાસે સંપત્તિ અને સત્તા નથી એવા અધમ પ્રકૃતિના લોકો પણ આવું વિચારતા અચકાતા નથી. આવા લોકો દાનાદિમાં માનતા હોતા નથી, પરંતુ કોઈ લાભ, સારા દેખાવા અથવા નામ માટે દાનાદિ કરતા હોઈ શકે છે.

આવા જીવોને સંપત્તિ માટે ભયંકર હિંસાના ધંધામાં રોકાણ કરતા જરા પણ છોછ થતો નથી. ઉલટું તેઓ તેમાંથી વધારેમાં વધારે કઈ રીતે કમાઈ શકાય તેની વ્યવસ્થામાં જોડાયેલા હોય છે. તેવા ધંધામાં થતા પાપનો અફસોસ કરવાને બદલે કેટલું

કમાયા તે વાતમાં તેઓને અધિક રસ હોય છે. ધન માટે વિમધ્યમ, મધ્યમ અને ઉત્તમ પ્રકૃતિના લોકો પણ ક્યારેક લોભમાં આવીને આવા હિંસાના ધંધામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે ભાગીદાર બની જાય છે. તેથી તેઓ પણ અંશે અધમ પ્રકૃતિરૂપે પરિણમી જાય છે.

આવા જીવોનો સ્વભાવ પણ અતિ ક્રૂર અને પરિણામો પણ અતિ મલિન હોવાથી પ્રાયઃ નરકનું જ આયુષ્ય બાંધે છે અને ત્યાંથી નીકળીને ક્રૂર જાનવર બનીને ફરી-ફરી નરકે જાય છે. આમ દુઃખો ભોગવતાં-ભોગવતાં છેલ્લે અનન્તકાળ નિગોદમાં કાઢે છે અને અનન્તાનન્ત દુઃખો ભોગવે છે. આવા જીવો એકેન્દ્રિયમાં અસંખ્યાત પુદગલ પરાવર્તન સુધી રહી શકે છે કે જેમાં દુઃખ જ દુઃખ છે.

આવા જીવો પાપ-પુણ્યમાં (કર્મમાં) માનતા ન હોવાથી આ જગતના કોઈપણ નીંદનીય કામ કરતા અચકાતા નથી. લોકો શું બોલશે તેની તેઓને થોડીક પરવા હોય છે ખરી, તેથી લોકલાજે જાહેરમાં અમુક કામો કરતા નથી. તેઓ સત્તા અને સંપતિ માટે કોઈપણ સ્તર સુધી નીચા જઈ શકે છે. ગમે તેની સાથે છેતરપીંડી કરી શકે છે, મિત્ર હોય કે સગાં-સંબંધી હોય છતાં તેઓને છેતરતા અચકાતા નથી. છેતરપીંડીનું આયોજન એવું હોય કે કોઈનેય સ્વપ્નેય ખ્યાલ ન આવે અને કદાચ છેતરાયાં પછી પણ સમજી ન શકે કે આણે મને છેતર્યો છે.

આવા લોકો ધનવાનોને જ સર્વગુણ સંપન્ન માનતા હોય છે અને તેઓનું જ અનુસરણ કરતા હોય છે. ઘણી વખત લાલચથી પ્રેરાઈને બહારથી ધર્મીષ્ઠ હોવાનો ડોળ પણ કરતા હોય છે. તેઓ ધર્મને પણ લોકોને છેતરવા માટે જ વાપરે છે. આવા લોકો ધર્મમાં પણ પોતાનું ધાર્યું કરાવવા કોઈપણ સ્તર સુધી નીચે જતા જરાપણ ખચકાતાં નથી.

હુંડા અવસર્પિણી પાંચમાં આરામાં (કળીયુગમાં) આવા લોકોનો પ્રભાવ બહુ વર્તાય છે. તેઓ પોતાને સર્વગુણ સંપન્ન માનીને વ્યવહાર કરતા હોય છે અને સાચા ધર્મી જીવો ઉપર ખોટા આરોપો મુકીને અથવા ઢોંગી કહીને બદનામ પણ કરતા હોય છે. આવા જીવોને સાચા ધર્મી જીવોનો ઉપદેશ પચતો નથી તેમજ રૂચતો પણ નથી. દેખાવ ખાતર તેઓ કોઈ અનુકૂળ સંપ્રદાયનો ધર્મ (સગવડીયો ધર્મ) પણ કરતા હોઈ શકે છે.

ઘણાં જીવોમાં અધમ પ્રકૃતિ આંશિકરૂપે પણ હોય છે. આંશિકરૂપે અધમાધમ પ્રકૃતિ અને આંશિકરૂપે અધમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. જેમ કે અમુક ક્ષેત્રમાં, કામમાં, વર્તનમાં, વાણીમાં, વિચારોમાં અથવા વ્યવહારમાં તેઓ અધમાધમ અથવા અધમ પ્રકૃતિના પણ હોઈ શકે છે. તેઓ ઉપર-ઉપરના દેખાવ ખાતર અથવા કોઈને છેતરવા માટે વિમધ્યમ પ્રકૃતિ જેવો વ્યવહાર પણ દેખાડી શકે છે. ક્યારેક આવા જીવોને લોભ-લાલચ-માયા વશ અથવા ક્રોધ-માન વશ અધમાધમ પ્રકૃતિ

પ્રાપ્ત કરતાં પણ વાર નથી લાગતી. અત્રે અધમ પ્રકૃતિના જીવો વિશે વાંચીને બીજા જીવોને તપાસી-ચકાસીને તેમનું પ્રમાણપત્ર બનાવવાનું નથી કે નથી તેઓ પ્રત્યે ધિક્કાર ઉત્પન્ન થવા દેવાનો. આવા જીવો એકમાત્ર કરૂણાને પાત્ર જ છે. તેવાં લક્ષણો જો આપણામાં હોય તો ત્વરાએ મોક્ષના લક્ષે તેને દૂર કરવા અને સત્ય-ધર્મની પ્રાપ્તિનો પુરુષાર્થ આદરવો જોઈએ.

**3. વિમધ્યમ પ્રકૃતિ :-** વિમધ્યમ પ્રકૃતિનો માનવી પરલોકને માને છે. તેવા જીવો આત્માને માને છે પરંતુ આત્માના સાચા સુખથી તેવા જીવો વંચિત જ છે. તેઓને આત્માના સાચા સુખ વિશે જાણ જરૂર છે પરંતુ તે વાતમાં તેઓને વિશ્વાસ બેઠેલ નથી. તેથી તેઓ આ લોકના પૌદ્‌ગલિક સુખની પ્રાપ્તિ સાથે પરલોકનાં પણ પૌદ્‌ગલિક સુખની પ્રાપ્તિ અર્થે પુરૂષાર્થ કરે છે. તે ગમે તેવાં પાપકાર્યો કરતાં પહેલાં પરલોકના વિચારે ખચકાય છે, તેઓ જાણે છે કે અમારે આ લોકમાં કરેલા પાપ-પુણ્યનું ફળ પરલોકમાં ભોગવવું જ પડશે. તેથી તેઓ તેવા પાપ કર્મોથી દૂર રહે છે.

આવા જીવો પ્રાયઃ હળવા પાપાનુબંધી પાપ અથવા પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા હોય છે. તેથી તેઓ ગરીબ હોય કે અમીર હોય છતાં પરલોકનો વિચાર કરીને કોઈપણ જાતના પાપો કરતા ડરે છે. આવા જીવો સપ્ત મહાવ્યસન (ચોરી, જુગાર, દારૂ, માંસભક્ષ્યણ, શિકાર, વેશ્યાગમન,

પરસ્ત્રીગમન) સેવતા નથી. તેઓ તેને જીવનની મઝા સમજતા નથી, પરંતુ તેને પરલોકમાં સજા રૂપે જોવે છે. તેથી તેઓ તેવા સપ્ત મહાવ્યસનથી દૂર જ હોય છે. તેઓને ખાવા-પીવાનો વિવેક હોતો નથી કારણ કે વિવેક માત્ર ઉત્તમ પ્રકૃતિથી જ શરૂ થાય છે. પરંતુ તેઓને પરલોકના પૌદ્ગલિક સુખના વિચારના કારણે અભક્ષ્ય ભોજનનો ત્યાગ અવશ્ય હોય છે અને દારૂ, ગાંજા, ડ્રગ, તમાકુ, વગેરેનો પણ ઉપયોગ કરતા નથી. તેઓને વિષયો ગમે છે. તેથી ભોગનો ત્યાગ તેઓને થોડો આકરો લાગે છે, પરંતુ તેઓ પરલોકના સુખોનાં અર્થી હોવાથી તેઓને ભોગોનો અંશે ત્યાગ હોય છે.

વિમધ્યમ પ્રકૃતિનો માનવી પોતાના આખા જન્મારામાં ઓછામાં ઓછા પાપો આચરીને આગામી ભવો માટે સારી ગતિઓનું સર્જન કરે છે, છતાં તેઓ મિથ્યાત્વી હોવાને કારણે અનુબંધ પાપોનો જ કરે છે. આવા જીવો ભવિષ્યનાં થોડાક જન્મમાં સાંસારીક સુખ પામે છે, પરંતુ તેઓ આગામી અનન્તકાળ માટે દુ:ખથી બચી શકતા નથી. આવા જીવોને રાગ-દ્વેશ (ગમો-અણગમો) હોય છે, તેથી અણગમતા પ્રત્યે ધિક્કારભાવ પણ ભરેલો હોય છે. તેથી પાપકર્મોનો બંધ પણ અધિક હોય છે.

આવા જીવો જગતના ધિક્કારને પાત્ર કોઈપણ કામો કરતા નથી. તેઓ પરલોકને માનતા હોવાથી આ જગતનાં ખરાબ

કામોથી પોતાનું ભવિષ્ય દુઃખમય ન બની જાય તેટલી દરકાર અવશ્ય હોય છે, પરંતુ આત્માની અથવા આત્મપ્રાપ્તિની દરકાર હોતી નથી. પરલોકમાં પાપોના ફળના વિચાર માત્રથી, તેઓ પાપથી દૂર રહે છે. લોકો મારા માટે શું કહેશે? લોકો મારા માટે શું વિચારશે? ની બદલે આ કૃત્યનું પરભવમાં શું ફળ હશે? એવા વિચારથી તેઓ સારા રહેવાનો-સારૂં કરવાનો પ્રયત્ન કરે છે.

આવા જીવો વર્તમાન જન્મમાં સિદ્ધિ, સંપત્તિ પ્રાપ્ત કરવા માટેના અનેક પ્રકારના તપ, જપ, અનુષ્ઠાન કરતા હોઈ શકે છે. તેઓ પાપાનુષ્ઠાનો કરતા નથી. તેઓ સિદ્ધિ, સંપત્તિ માટે કાંઈપણ કરતા પાપ ન બંધાય જાય તેની કાળજી અવશ્ય રાખે છે.

માત્ર 'આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો (કોણે જોયો છે)?' એવા ભાવો વિમધ્યમ જીવોને નથી હોતા. તેઓ આ લોક અને પરલોક, એમ બન્નેના પૌદ્ગલિક સુખના વિચારોથી પ્રેરાઈને તમામ કામો કરે છે. તેથી તેઓ પ્રાયઃ અનીતિઓથી દૂર જ રહે છે. તેઓની વૃત્તિઓ મધ્યમ હોય છે. તેઓ ધર્મનો ઉપયોગ આ લોક અને પરલોકના સુખોની પ્રાપ્તિ માટે જ કરે છે, તેઓ ધર્મની ક્રિયાઓ આ લોક અને પરલોક માટે જ ઉપર-ઉપરથી કરતાં હોય છે અથવા ધર્મની ક્રિયાઓ ભાવ વગર, પરંતુ જડત્વથી શાસ્ત્રોક્ત રીતીથી કરતા જોવા મળે છે. તેઓ

જડત્વથી દૈહિક ક્રિયાઓ અથવા વ્રત-તપ-ઉપવાસ અવશ્ય કરે છે. તેઓ ધર્મનો ઉપયોગ આ લોકની અને પરલોકની લૌકિક (પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિની) સાધનામાં કરતા અચકાતા નથી.

આવા લોકો અક્રૂર સ્વભાવના હોય છે. તેઓ બીજાને છેતરતા નથી. પોતાના ફાયદા માટે બીજાને મોટા નુકસાનમાં ડૂબાડતા નથી. પોતાના સ્વાર્થમાં અડચણરૂપ થતા લોકોનો કોઈપણ રીતે કાંટો કાઢતા અથવા કઢાવી નાખતા નથી. પરંતુ તેઓ તેને માટે પોતાના કર્મોને દોષ દઈને બીજાને સહન કરે છે.

આવા લોકો સત્તા અને સંપત્તિનાં બળે પોતાનું ધાર્યું કરાવવાવાળા હોતા નથી. તેઓ સંપત્તિ અને સત્તાને મહત્વ જરૂર આપે છે પણ તેને જ સર્વસ્વ માનવાવાળા નથી હોતા અને તેઓને તેનો અહંકાર પણ નથી હોતો. તેઓ જાણે છે કે સંપત્તિ અને સત્તા પૂર્વ પુણ્યના ફળરૂપ જ હોય છે તેથી તેઓ સત્તા અને સંપત્તિ માટે કોઈને મીઠુ બોલીને છેતરતા નથી. જેની પાસે સંપત્તિ અને સત્તા નથી એવા વિમધ્યમ પ્રકૃતિના લોકો પણ આવું જ વિચારતા હોય છે અને પોતાના પુણ્ય વધારવાના પ્રયત્નો કરતા હોય છે. આવા લોકો દાનાદિના ફળ તરીકે આ ભવ અને પરભવમાં સારી સગવડતા મળે તેના માટે દાનાદિ કરતા હોય છે.

આવા જીવો પાપના ફળરૂપે પરલોકના દુઃખોનો વિચાર

કરીને સંપત્તિ માટે ભયંકર હિંસાના ધંધામાં રોકાણ કરતા નથી. ઉલટું તેઓ તેવા ધંધાથી દૂર જ રહે છે. વિમધ્યમ જીવોને તેવા ભયંકર હિંસાના ધંધામાં થતા પાપનો ડર હોવાથી, તેઓ તેવા ભયંકર હિંસાના ધંધામાં રોકાણ પણ નથી કરતા.

આવા જીવોનો સ્વભાવ અક્રૂર અને પરિણામો શાંત હોવાથી પ્રાયઃ દેવગતિનું જ આયુષ્ય બાંધે છે અને ઈન્દ્રિય સુખ અને હીરા-માણેક-મોતી-જવેરાત વગેરેમાં આકર્ષણ હોવાથી દેવગતિથી નીકળીને પ્રાયઃ એકેન્દ્રિયમાં જાય છે. એકેન્દ્રિયમાં દુઃખો ભોગવતાં-ભોગવતાં અંતે નિગોદમાં અનન્તકાળ કાઢે છે અને અનન્તાનન્ત દુઃખો ભોગવે છે. આવા જીવો પણ એકેન્દ્રિયમાં અસંખ્યાત પુદગલ પરાવર્તન સુધી રહી શકે છે કે જેમાં દુઃખ જ દુઃખ છે.

વિમધ્યમ જીવો પાપ-પુણ્યમાં (કર્મમાં) માનતા હોવાથી આ જગતના કોઈપણ નીંદનીય કામ કરતા અવશ્ય અચકાય છે. પરલોકમાં મારૂં શું થશે તેની તેઓને પરવા હોવાથી, તેઓ મોટાં પાપના કોઈ કામો કરતા નથી, કરાવતા નથી અને કરવાવાળાને સારા સમજતા નથી. તેઓ ધન અને મિલકત માટે નીચા સ્તર સુધી જઈ શકતા નથી. તેઓ કોઈની સાથે છેતરપીંડી કરતા નથી, નાનો છોકરો હોય કે અજાણ્યો/અભણ હોય છતાં તેઓ તેમને છેતરતા નથી. તેઓને પરલોકમાં પાપોથી મળતા દુઃખોનો ડર હોવાથી કોઈ પણ પાપ કરતા અવશ્ય

અચકાય છે.

આવા લોકો ગુણવાનો ને જ સર્વગુણ સંપન્ન માનતા હોય છે અને તેઓનું જ અનુકરણ કરતા હોય છે. તેઓ લાલચમાં આવી ધનવાનોની ચાપલૂસી કરતા નથી. ઘણી વખત આ લોક અને પરલોકના પૌદ્ગલિક સુખોની લાલચથી પ્રેરાઈને કહેવાતા ધર્મીષ્ઠ થવાનો પૂરો પ્રયત્ન કરતા હોય છે. પરંતુ તેઓને સત્યધર્મનો બોધ ન હોવાથી, કહેવાતા ધર્મથી તેઓ છેતરાઈ જતા હોય છે. આત્માના અર્થી ન હોવાથી અને સત્યધર્મની અપ્રાપ્તિથી, આવા જીવોનું કલ્યાણ પ્રાયઃ શક્ય હોતું નથી.

હુંડા અવસર્પિણી પાંચમાં આરામાં (કળીયુગમાં) આવા લોકો બહુ ઓછા હોય છે. તેઓને આગામી ભવ સારો જોઈતો હોવાથી અને સત્યધર્મની ઓળખાણ ન હોવાથી, જ્ઞાની જીવોને ઓળખી શકતા નથી અને પ્રાયઃ ઢોંગી જીવોએ ફેલાવેલા કહેવાતા ધર્મમાં ફસાઈને માત્ર પુણ્યકર્મો બાંધવાનો જ ભાવ કરતા હોય છે. આવા જીવોને પ્રાયઃ સાચા ધર્મી જીવોનો ઉપદેશ પચતો નથી તેમજ રૂચતો પણ નથી. પુણ્ય ખાતર તેઓ કોઈ અનુકૂળ સંપ્રદાયનો ધર્મ (સગવડીયો ધર્મ) પણ કરતા હોઈ શકે છે.

વિમધ્યમ પ્રકૃતિના જીવો વ્રત, જપ, તપ, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, પૂજા વગેરે કરતાં હોવા છતાં તેમાં યોગ્ય ભાવ ભેળવી શકતા ન હોવાથી, તે ક્રિયાઓનાં શુભ ફળો બહુ ઓછા

હોય છે. તેઓ પોતાને ધર્મી માનતા-મનાવતા હોય અને લોકો પણ તેઓને ધર્મી માનતા હોય, છતાં તેઓનું આત્મિક કલ્યાણ થતું નથી. કારણ કે તેઓ સર્વ ધર્મ-ક્રિયા આલોક અને પરલોકમાં સુખ મળે અને દુઃખ ટળે તે માટે જ કરતા હોય છે. તેઓ સંસારને અસાર માનતા જ નથી, તેથી તેઓને મોક્ષની જરાપણ અભિલાષા નથી. પરંતુ શબ્દોમાં બોલતા હોઈ શકે છે કે આપણે મોક્ષમાર્ગમાં જ છીએ અને આનાથી જ આપણો મોક્ષ થઈ જશે. પરંતુ ખરેખર અંદરથી તેઓને સંસારના સુખ વ્હાલા હોવાથી મોક્ષનો ખપ પણ નથી. તેઓને મોક્ષ ફીક્કો લાગે છે.

ઘણાં જીવોમાં વિમધ્યમ પ્રકૃતિ આંશિકરૂપે પણ હોય છે. આંશિકરૂપે અધમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. જેમ કે અમુક ક્ષેત્રમાં, કામમાં, વર્તનમાં, વાણીમાં, વિચારોમાં અથવા વ્યવહારમાં તેઓમાં અધમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. તેઓ આલોક અને પરલોકના દુઃખોના ડર માત્રથી વિમધ્યમ પ્રકૃતિરૂપ પરિણમે છે. ક્યારેક આવા જીવોને લોભ-લાલચ-માયા વશ અથવા ક્રોધ-માન વશ અધમ પ્રકૃતિ પ્રાપ્ત કરતાં પણ વાર નથી લાગતી. આવા જીવો સત્ય-ધર્મના ઉપદેશને પાત્ર હોઈ શકે છે. અત્રે વિમધ્યમ જીવો વિશે વાંચીને બીજાં જીવોને તપાસી-ચકાસીને તેમનું પ્રમાણપત્ર બનાવવાનું નથી કે નથી તેઓ પ્રત્યે ધિક્કાર ઉત્પન્ન થવા દેવાનો. આવા જીવો એકમાત્ર કરૂણાને પાત્ર જ છે. તેવા લક્ષણો જો આપણામાં હોય તો ત્વરાએ

મોક્ષના લક્ષે તેને દૂર કરવા અને સત્ય-ધર્મની પ્રાપ્તિનો પુરુષાર્થ આદરવો જોઈએ.

**4. મધ્યમ પ્રકૃતિઃ-** મધ્યમ પ્રકૃતિનો માનવી માત્ર પરલોકના સુખોનો જ ચાહક છે. આવા જીવો આત્માને માને છે પરંતુ આત્માના સાચા સુખથી આવા જીવો વંચિત જ હોય છે. તેઓને આત્માના સાચા સુખ વિશે જાણ જરૂર છે પરંતુ તે વાતમાં તેઓને વિશ્વાસ બેઠેલ નથી. તેથી તેવા મધ્યમ પ્રકૃતિના જીવો પરલોકના પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ માટે આ લોકનાં પૌદ્ગલિક સુખોનો પણ ત્યાગ કરે છે. તેઓ કોઈપણ પાપકાર્યો કરતા નથી પરંતુ પરલોકના વિચારે આ ભવમાં સાધુપણું ગ્રહણ કરે છે. તેઓ જાણે છે કે અમારે આ લોકમાં કરેલા પાપ-પુણ્યનું ફળ પરલોકમાં ભોગવવું જ પડશે. તેથી તેઓ તેવા પાપ કર્મોથી દૂર રહેવા અને પરલોકના ઉત્તમ પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ માટે સંસાર ત્યાગ કરી જૈનધર્મનું અથવા અન્ય કોઈપણ ધર્મનું સાધુપણું ગ્રહણ કરે છે.

પ્રાયઃ આવા જીવો હળવા પાપાનુબંધી પાપ અથવા પાપાનુબંધી પુણ્યના ઉદયવાળાં હોય છે. તેથી તેઓ પ્રખ્યાત-મોટા સાધુ હોય કે નાના સાધુ હોય છતાં પરલોકનો વિચાર કરીને તેઓ કોઈપણ જાતના પાપો કરતા ડરે છે. આવા જીવો સપ્ત મહાવ્યસન (ચોરી, જુગાર, દારૂ, માંસભક્ષ્યણ, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન) સ્વપ્નમાં પણ સેવતા નથી. તેઓ

તેને જીવનની મઝા સમજતા નથી, પરંતુ તેને પરલોકમાં સજા રૂપે જોવે છે. તેથી તેઓ તેવા સપ્ત મહાવ્યસનથી દૂર જ હોય છે. તેઓને ખાવા-પીવાનો વિવેક હોતો નથી કારણ કે વિવેક માત્ર ઉત્તમ પ્રકૃતિથી જ શરૂ થાય છે. પરંતુ તેઓને પરલોકના પૌદ્ગલિક સુખના વિચારના કારણે અભક્ષ્ય ભોજનનો ત્યાગ અવશ્ય હોય છે અને દારૂ, ગાંજા, ડ્રગ, તમાકુ, વગેરેનો પણ ઉપયોગ કરતા નથી. તેઓને વિષયો ગમે છે પરંતુ પરલોકના સુખના અર્થે તેઓ ભોગોનો સર્વથા ત્યાગ કરે છે.

મધ્યમ પ્રકૃતિનો માનવી પોતાના આખા જન્મારામાં ઓછામાં ઓછા પાપો આચરીને આગામી ભવો માટે સારી ગતિઓનું સર્જન કરે છે, છતાં તેઓ મિથ્યાત્વી હોવાને કારણે અનુબંધ પાપોનો જ કરે છે. આવા જીવો ભવિષ્યના થોડાંક જન્મમાં સંસારી સુખ પામે છે, પરંતુ તેઓ આગામી અનન્તકાળ માટે દુઃખથી બચી શકતા નથી. આવા જીવોને પણ રાગ-દ્ધેશ (ગમો-અણગમો) હોય છે, તેથી અણગમતા પ્રત્યે ધિક્કારભાવ પણ ભરેલો હોય છે. તેથી તે અપેક્ષાએ પાપકર્મોનો બંધ પણ અધિક જ હોય છે.

આવા જીવો જગતના ધિક્કારને પાત્ર કોઈપણ કામો કરતા નથી. તેઓ પરલોકને માનતા હોવાથી આ જગતનાં ખરાબ કામોથી પોતાનું ભવિષ્ય દુઃખમય ન બની જાય તેટલી દરકાર અવશ્ય રાખે છે, પરંતુ તેઆને આત્માની અથવા

આત્મપ્રાપ્તિની દરકાર હોતી નથી. પરલોકમાં પાપોના ફળનાં વિચાર માત્રથી, તેઓ પાપથી દૂર રહે છે. લોકો મારા માટે શું કહેશે? લોકો મારા માટે શું વિચારશે? ની બદલે આ કૃત્યનું પરભવમાં શું ફળ હશે? એવા વિચારથી તેઓ સારા રહેવાનો-સારૂં કરવાનો પ્રયત્ન કરે છે.

આવા જીવો વર્તમાન જન્મમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેના અનેક પ્રકારના તપ, જપ, અનુષ્ઠાન નથી કરતાં, પરંતુ તેઓ પરલોક સુધારવા માટે અર્થાત્ પુણ્યના લોભથી અનેક પ્રકારના તપ, જપ, અનુષ્ઠાન કરતા હોઈ શકે છે. તેઓ પાપાનુષ્ઠાનો કરતા નથી. આવા જીવોને વર્તમાન જન્મની સિદ્ધિ કરતા ભવિષ્યના જન્મના લાંબા કાળ સુધીના ભોગ-વિલાસ વધારે મીઠા લાગતા હોય છે, તેથી તેઓ આ જન્મમાં સર્વસ્વનો ત્યાગ કરે છે.

'આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો (કોણે જોયો છે)?' એવા ભાવો મધ્યમ જીવોને નથી હોતા. ઉલટું તેઓ પરલોકના પૌદ્ગલિક સુખના વિચારોથી પ્રેરાઈને તમામ કામો કરે છે. તેથી તેઓ તમામ પ્રકારની અનીતિઓથી દૂર જ રહે છે. તેઓની વૃત્તિઓ મધ્યમ હોય છે. તેઓ ધર્મનો ઉપયોગ ફક્ત પરલોકના સુખોની પ્રાપ્તિ માટે જ કરે છે, તેઓ ધર્મની ક્રિયાઓ પરલોક માટે જ ઉપર-ઉપરથી કરતા હોય છે અથવા ધર્મની ક્રિયાઓ ભાવ વગર, પરંતુ જડત્વથી શાસ્ત્રોક્ત રીતીથી કરતા જોવા

મળે છે. તેઓ જડત્વથી દૈહિક ક્રિયાઓ અથવા વ્રત-તપ-ઉપવાસ પણ અવશ્ય કરે છે. તેઓ ધર્મનો ઉપયોગ પરલોકની લૌકિક (પૌદ્‌ગલિક સુખોની પ્રાપ્તિની) સાધનામાં કરતા અચકાતા નથી.

આવા લોકો અક્રૂર સ્વભાવના હોય છે. તેઓ બીજાંને છેતરતા નથી. પોતાના ફાયદા માટે બીજાને મોટા નુકસાનમાં ડૂબાડતા નથી. પોતાના સ્વાર્થમાં અડચણરૂપ થતા લોકોનો કોઈપણ રીતે કાંટો કાઢતા અથવા કઢાવી નાખતા નથી. પરંતુ તેઓ પોતાના કર્મોને દોષ દઈને બીજાને સહન કરે છે અને ઉત્તમ ચારિત્ર પાળે છે.

આવા લોકો સત્તા અને સંપત્તિના બળે પોતાનું ધાર્યું કરાવવાવાળા હોતા નથી. તેઓ સંપત્તિ અને સત્તાને મહત્વ આપતા નથી અને તેને જ સર્વસ્વ માનવાવાળા હોતા નથી. તેઓને આ લોકની કોઈપણ વસ્તુનો અહંકાર હોતા નથી કારણ કે તેઓ ધર્મ અને ચારિત્ર પાલન પરલોકની દિવ્યતા માટે જ કરે છે. તેઓ જાણે છે કે સંપત્તિ અને સત્તા પૂર્વ પુણ્યના ફળરૂપ જ હોય છે તેથી તેઓ સત્તા અને સંપત્તિ માટે કોઈને મીઠુ બોલીને છેતરતા નથી. મધ્યમ પ્રકૃતિના લોકો સત્તા અને સંપત્તિથી દૂર જ રહે છે. તેઓ સારામાં સારું ચારિત્ર પાળીને પોતાના પુણ્ય વધારવાના પ્રયત્નો કરતા હોય છે. આવા લોકો દાનાદિ કરવા માટે લોકોને ઉપદેશ દેતા હોઈ શકે છે અને તેની અનુમોદનાના

ફળ તરીકે આ ભવ અને પરભવમાં સારી સગવડતા મળે છે તેમ જણાવતા હોય છે.

આવા જીવો પરલોકના દુઃખોનો વિચાર કરીને પાપથી બચવા સંપત્તિ માટે ભક્તોની ખુશામત નથી કરતા. ભક્તોને ધંધા સંબંધી સલાહ આપતા નથી. પોતે મંત્ર-તંત્ર આદિની સાધના કરતા નથી અને ભક્તોને એવું કરવાની સલાહ પણ આપતા નથી. ઉલટું તેઓ ધંધાની, સંપત્તિની અથવા સત્તાની વાતોથી દૂર જ રહે છે. મધ્યમ પ્રકૃતિના જીવોને તેવા કામોમાં થતા પાપનો ડર હોવાથી, તેઓ તેવી કોઈ પણ વાતમાં રસ લેતા નથી.

આવા જીવોનો સ્વભાવ અક્રૂર અને પરિણામો શાંત હોવાથી પ્રાયઃ દેવગતિનું જ આયુષ્ય બાંધે છે અને ઈન્દ્રિય સુખ અને હીરા-માણેક-મોતી-જવેરાતમાં આકર્ષણ હોવાથી દેવગતિથી નીકળીને પ્રાયઃ એકેન્દ્રિયમાં જાય છે. તેમાં દુઃખો ભોગવતાં-ભોગવતાં નિગોદમાં અનન્તકાળ કાઢે છે અને અનન્તાનન્ત દુઃખો ભોગવે છે. આવા જીવો પણ એકેન્દ્રિયમાં અસંખ્યાત પુદગલ પરાવર્તન સુધી રહી શકે છે કે જેમાં દુઃખ જ દુઃખ છે.

મધ્યમ પ્રકૃતિના જીવો પાપ-પુણ્યમાં (કર્મમાં) માનતા હોવાથી આ જગતના કોઈપણ નીંદનીય કામ કરતા નથી. પરલોકમાં મારૂં શું થશે તેની તેઓને પરવા હોવાથી, તેઓ પાપના કોઈ કામો કરતા નથી, કરાવતા નથી અને કરવાવાળાને સારા

સમજતા નથી. તેઓ આ ભવમાં ધન અને મિલકત માટેના મોહને પરલોકના દિવ્ય સુખના મોહને કારણે ગૌણ કરે છે. તેઓ પાપના ડરથી કોઈની પણ સાથે છેતરપીંડી નથી કરતા, નાનો છોકરો હોય કે અજાણ્યો/અભણ હોય છતાં તેઓ તેમને છેતરતા નથી. તેઓને પાપોથી પરલોકમાં મળતા દુઃખોનો ડર હોવાથી કોઈ પણ પાપ કરતા નથી.

આવા લોકો ગુણવાનો ને જ સર્વગુણ સંપન્ન માનતા હોય છે અને તેઓનું જ અનુકરણ કરતા હોય છે. તેઓ ધનવાનોને સારું લગાડવા તેમના ખોટા ગુણગાન કરતા નથી. તેઓ પરલોકના સુખોની લાલચથી પ્રેરાઈને ચારિત્ર પાળવાનો પૂરો પ્રયત્ન કરતા હોય છે. પરંતુ તેઓને સત્યધર્મનો બોધ ન હોવાથી, કહેવાતા ધર્મથી તેઓ છેતરાઈ જતા હોય છે. આત્માના અર્થી ન હોવાથી અને સત્યધર્મની અપ્રાપ્તિથી, આવા જીવોનું કલ્યાણ શક્ય હોતું નથી.

હુંડા અવસર્પિણી પાંચમાં આરામાં (કળીયુગમાં) આવા લોકો બહુ ઓછા હોય છે. તેઓને આગામી ભવ સારો જોઈતો હોવાથી અને સત્યધર્મની ઓળખાણ ન હોવાથી, જ્ઞાની જીવોને ઓળખી શકતા નથી અથવા પ્રાયઃ તેઓને ઢોંગી જીવોએ ફેલાવેલ ધર્મમાં ફસાઈને માત્ર પુણ્યકર્મો બાંધવાનો જ ભાવ હોય છે. આવા જીવોને પ્રાયઃ સાચા ધર્મી જીવોનો ઉપદેશ પચતો નથી તેમજ રૂચતો પણ નથી. પુણ્ય ખાતર તેઓ કોઈ અનુકૂળ

સંપ્રદાયનો ધર્મ કરતા હોય છે અથવા ઘણાં કષ્ટો પણ સહન કરતા હોય છે. કારણ કે તેઓને પરલોકના સુખમાં જરાય કચાશ ન રહે તેની ચિંતા વધારે હોય છે.

મધ્યમ પ્રકૃતિના જીવો વ્રત, જપ, તપ, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, ભાવપૂજા વગેરે કરતા હોવા છતાં તેમાં યોગ્ય ભાવ ભેળવી શકતા ન હોવાથી, તેનાં ફળો બહુ ન્યૂન હોય છે. તેઓ પોતાને સાધુ માનતા-મનાવતા હોય છે અને લોકો પણ તેઓને સાધુ માનતા હોય છે, છતાં તેઓનું આત્મિક કલ્યાણ થતું નથી. કારણ કે તેઓ સર્વે ધર્મ-ક્રિયા પરલોકમાં સુખ મળે અને દુઃખ ટળે તે માટે જ કરતા હોય છે. તેઓ સંસારને અસાર માનતા જ નથી, તેથી તેઓને મોક્ષની જરાપણ અભિલાષા નથી. પરંતુ શબ્દોમાં બોલતા હોઈ શકે છે કે આપણે મોક્ષમાર્ગમાં જ છીએ અને આનાથી જ આપણો મોક્ષ થઈ જશે. પરંતુ ખરેખર અંદરથી તેઓને સંસારના સુખ વ્હાલા હોવાથી મોક્ષનો ખપ પણ નથી. તેઓને મોક્ષ ફીક્કો લાગે છે.

સમજણના આભાવના કારણે ઘણાં જીવોમાં મધ્યમ પ્રકૃતિ આંશિકરૂપે જ હોય છે. આવા જીવો બાહ્યમાં સાધુ હોય છે પરંતુ વિચારોમાં આંશિકરૂપે વિમધ્યમ પ્રકૃતિ અથવા અધમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. જેમ કે અમુક ક્ષેત્રમાં, કામમાં, વર્તનમાં, વાણીમાં, વિચારોમાં અથવા વ્યવહારમાં તેઓમાં વિમધ્યમ અથવા અધમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. તેઓ પરલોકના ડર

માત્રથી મધ્યમ પ્રકૃતિરૂપ પરિણમે છે. ક્યારેક આવા જીવોને લોભ-લાલચ-માયા વશ અથવા ક્રોધ-માન વશ અધમ પ્રકૃતિ પ્રાપ્ત કરતા પણ વાર લાગતી નથી. આવા જીવો સત્ય-ધર્મનાં ઉપદેશને પાત્ર હોઈ શકે છે. અત્રે મધ્યમ જીવો વિશે વાંચીને બીજા જીવોને તપાસી-ચકાસીને તેમનું પ્રમાણપત્ર બનાવવાનું નથી કે નથી તેઓ પ્રત્યે ધિક્કાર ઉત્પન્ન થવા દેવાનો. આવા જીવો એકમાત્ર કરૂણાને પાત્ર જ છે. તેવા લક્ષણો જો આપણામાં હોય તો ત્વરાએ મોક્ષના લક્ષે તેને દૂર કરવા અને સત્ય-ધર્મની પ્રાપ્તિનો પુરુષાર્થ આદરવો જોઈએ.

**5. ઉત્તમ પ્રકૃતિ :-** ઉત્તમ પ્રકૃતિનો માનવી આત્મિક સુખોનો ચાહક છે. આવા જીવો આત્માને માને છે અને આવા જીવોને સાચું સુખ આત્મામાં જ છે તે વાત ઉપર પૂર્ણ વિશ્વાસ હોય છે. આવા જીવોને આત્માની અને મોક્ષની અત્યંત રુચિ હોય છે. આવા જીવો નિશ્ચય સમ્યગ્દર્શનથી બહુ નજીક આવી ગયેલા અથવા નિશ્ચય સમ્યગ્દ્રષ્ટિ (આત્મજ્ઞાની) હોય છે. તેવા ઉત્તમ પ્રકૃતિના જીવો પૌદ્‌ગલિક સુખોથી વિમુખ થયેલા અથવા પૌદ્‌ગલિક સુખો માણતા પણ જણાય છે. પરંતુ તેમને અભિપ્રાયમાં પૌદ્‌ગલિક સુખો માણવા જેવા નથી લાગતા. અભિપ્રાયમાં તેઓને એકમાત્ર મોક્ષ જ પ્રાપ્ત કરવા જેવો લાગે છે. તેથી તેવા જીવો પૌદ્‌ગલિક સુખોની પ્રાપ્તિ માટે ધર્મ નથી કરતા પરંતુ આત્મપ્રાપ્તિ અથવા આત્મસ્થિરતા માટે જ ધર્મ

કરે છે. તેઓ પાપભીરૂ હોય છે તેથી તેઓ બને એટલા પાપોથી બચવા પ્રયત્નશીલ હોય છે. તેઓ જાણે છે કે અમારે આ લોકમાં કરેલા પાપનું ફળ પોતે જ પરલોકમાં ભોગવવું પડશે. તેથી તેઓ તેવા પાપ કર્મોથી દૂર રહેવા અને આત્મિક સુખોની પ્રાપ્તિ માટે સંસારમાં રહીને અથવા સંસારનો ત્યાગ કરીને સત્યધર્મ અનુસારનું જીવન જીવે છે.

આવા જીવો પ્રાયઃ પુણ્યાનુબંધી પાપ અથવા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળાં હોય શકે છે. તેથી તેઓના વર્તમાન જીવનમાં પાપનો ઉદય હોય શકે છે. આવા જીવો સપ્ત મહાવ્યસન (ચોરી, જુગાર, દારૂ, માંસભક્ષ્યણ, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન) સ્વપ્નમાં પણ સેવતા નથી. તેઓ તેને જીવનની મઝા સમજતા નથી, પરંતુ તેને અનંતકાળની સજા (સંસાર) રૂપે જોવે છે. તેથી તેઓ તેવા સપ્ત મહાવ્યસનથી દૂર જ હોય છે. તેઓને ખાવા-પીવાનો વિવેક હોય છે તેથી તેઓને અભક્ષ્ય ભોજનનો ત્યાગ અવશ્ય હોય છે અને દારૂ, ગાંજા, ડ્રગ, તમાકુ, વગેરેનો ક્યારેય ઉપયોગ કરતા નથી. તેઓ ઉદયને કારણે વિષયો ભોગવતા પણ હોઈ શકે છે પરંતુ તેઓને તેમાં સુખબુદ્ધિનો અભાવ જ હોય છે.

ઉત્તમ પ્રકૃતિનો માનવી પોતાના આખા જન્મારામાં ઓછામાં ઓછા પાપો આચરે છે અને આત્મસ્થિરતાથી મોક્ષ મેળવે છે અથવા સારા ભાવિ ભવો પામે છે. જે જીવો સમ્યગ્દ્રષ્ટિ હોય છે

તેઓને અનુબંધ પ્રાયઃ પુણ્યનો જ હોય છે. આવા જીવો જો સમ્યગ્દર્શન ન ગુમાવે તો પ્રાયઃ ભવિષ્યના થોડાંક જન્મોમાં સ્વર્ગના સુખ અથવા સ્વર્ગ જેવાં સુખ પામીને અવશ્ય મોક્ષ પામે છે, આ રીતે તેઓ દુઃખથી બચી જઈને આગામી અનન્તકાળ માટે અનંત-અવ્યાબાધ સુખની પ્રાપ્તિ કરે છે. પ્રાયઃ આવા જીવોને રાગ-દ્વેશ (ગમો-અણગમો) મંદ હોય છે, તેઓને અણગમતા પ્રત્યે પ્રાયઃ ધિક્કારભાવ બહુ મંદ હોય છે. તેથી પાપકર્મોનો બંધ પણ પ્રાયઃ મંદ હોય છે. આત્માના ઉચ્ચ સ્તરે પહોંચ્યા બાદ તેઓને ધિક્કારભાવની બદલે કરૂણાભાવ જ હોય છે, તેથી તેઓને પાપકર્મોનાં બંધ ને બદલે જૂનાં પાપકર્મોની નિર્જરા હોય છે કે જે પાપકર્મોને કારણે અણગમતા સંયોગ પ્રાપ્ત થયેલ છે અને સાથે પુણ્ય કર્મનો બંધ થાય છે.

આવા જીવો જગતના ધિક્કારને પાત્ર કોઈપણ કામો કરતા નથી. તેઓ પરલોકને માનતા હોવાથી આ જગતનાં ખરાબ કામોથી પોતાનું ભવિષ્ય દુઃખમય ન બની જાય તેની દરકાર અવશ્ય રાખે છે, કારણ કે તેઓનો એકમાત્ર લક્ષ્ય આત્માપ્રાપ્તિ અને આત્મસ્થિરતા જ હોય છે. તેમના અભિપ્રાયમાં પ્રાયઃ પાપ કરવાના ભાવનો અભાવ હોવાથી, તેઓ પાપથી દૂર રહે છે. લોકો મારા માટે શું કહેશે? લોકો મારા માટે શું વિચારશે? ની બદલે આ કૃત્યનું પરભવમાં શું ફળ હશે? તેવા કૃત્યથી મારે અનંતકાળ માટે સંસારમાં રખડવું પડશે એવા વિચારથી તેઓ

સર્વે જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થભાવ સાથે રહેવાનો પ્રયત્ન કરે છે.

આવા જીવોને સિદ્ધિ, સંપત્તિનો મોહ હોતો નથી. તેઓ સિદ્ધિ, સંપત્તિ પ્રાપ્ત કરવાના તપ, જપ, અનુષ્ઠાનને મોક્ષમાર્ગમાં અડચણરૂપ માને છે. તેઓને સહજમાં કોઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તો પણ આવશ્યક ન હોય ત્યાં પ્રાયઃ તેઓ તેનો ઉપયોગ કરવાનું ટાળે છે. પુણ્યોદયથી પ્રાપ્ત સંપત્તિનો પણ તેઓ સદુપયોગ કરતા હોય છે. તેઓ પાપાનુષ્ઠાનો કરતા નથી.

'આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો (કોણે જોયો છે)?' એવા ભાવો ઉત્તમ પ્રકૃતિના જીવોને સ્વપ્નેય હોતા નથી. ઉલટું તેઓ મોક્ષપ્રાપ્તિના વિચારોથી પ્રેરાઈને તમામ જીવોને સ્વ-આત્મવત જાણીને તમામ કામો કરે છે. તેથી તેઓ તમામ પ્રકારની અનીતિઓથી દૂર જ રહે છે. તેઓની વૃત્તિઓ ઉત્તમ હોય છે. તેઓ ધર્મનો ઉપયોગ ફક્ત આત્મિક સુખોની પ્રાપ્તિ માટે જ કરે છે, તેઓ ધર્મની ક્રિયાઓ કેવળ આત્મપ્રાપ્તિ અથવા આત્મસ્થિરતા માટે જ ભાવસહીત કરતા હોય છે. તેઓ દૈહિક ક્રિયાઓ અથવા વ્રત-તપ-ઉપવાસ જડત્વથી, દેખાદેખીથી અથવા દેખાડા માટે ક્યારેય કરતા નથી. તેઓ ધર્મનો ઉપયોગ મોક્ષની સાધનામાં જ કરે છે.

આવા લોકો અક્રૂર સ્વભાવના હોય છે. તેઓ બીજાંને

છેતરતા નથી. પોતાના ફાયદા માટે બીજાને મોટા નુકસાનમાં ડૂબાડતા નથી. પોતાના સ્વાર્થમાં અડચણરૂપ થતા લોકોનો કોઈપણ રીતે કાંટો કાઢતા અથવા કઢાવી નાખતા નથી. પરંતુ તેઓ પોતાના કર્મોને દોષ દઈને બીજાને સહન કરે છે અને બીજાને પોતાના પાપ છોડાવવાવાળા સમજીને મનમાં તેઓને ઉપકારી માને છે કે જેથી તેઓ વિપરિત પરિસ્થિતિઓમાં પણ સુખી રહી શકે છે. તેઓ આવા પાપો હું ભવિષ્યમાં ક્યારેય નહીં કરૂં એવો દ્દઢ નિર્ણય કરે છે અને પોતાના ભૂતકાળનાં પાપોની માફી પણ માંગે છે.

આવા લોકો સત્તા અને સંપત્તિનાં બળે પોતાનું ધાર્યું કરાવવાવાળા હોતા નથી. તેઓ સંપત્તિને માત્ર જીવન જરૂરીયાત તરીકે સમજે છે અને સત્તાને આવા જીવો અત્યંત સાવધાની પૂર્વક વાપરે છે. તેઓ સત્તા અને સંપત્તિનો દૂરોપયોગ કરતા નથી તથા તેનો અહંકાર પણ આવા જીવોને હોતો નથી. તેઓ જાણે છે કે સંપત્તિ અને સત્તા પૂર્વ પુણ્યના ફળરૂપ જ હોય છે તેથી તેઓ સત્તા અને સંપત્તિ માટે કોઈને મીઠુ બોલીને છેતરતા નથી. ઉત્તમ પ્રકૃતિના વિરતિયુક્ત (સાધુ) લોકો સત્તા અને સંપત્તિથી દૂર જ રહે છે. અને તેઓ સારામાં સારું ચારિત્ર પાળીને આત્મસ્થિરતા વધારવાના જ પ્રયત્નો કરતા હોય છે.

આવા લોકો દાનાદિ પોતાના ધન પ્રત્યેના ઓછા મોહનાં કારણે કરતા હોય છે. તેઓ લોકોના દુઃખ-દર્દ ઘટાડવા અને

ધનનો સદુપયોગ કરવા પણ દાન કરતા હોય છે અને તેના માટે લોકોને પ્રોત્સાહિત પણ કરતા હોય છે અને તેની અનુમોદનાના ફળ તરીકે ધનનો મોહ ઘટે એવી રીતે લોકોને દાન આપવા જણાવતા હોય છે.

આવા જીવો સંસારનાં દુઃખોનો વિચાર કરીને, પોતાનો સંસાર વધી ન જાય તેનો વિચાર કરીને, સંપત્તિ માટે ભક્તોને સારું લગાડતા નથી. ભક્તોને ધંધા સંબંધી સલાહ આપતા નથી. પોતે મંત્ર-તંત્ર આદિની સાધના કરતા નથી અને ભક્તોને તેવી સલાહ પણ આપતા નથી. ઉલટું તેઓ ધંધાની, સંપત્તિની અથવા સત્તાની વાતોથી દૂર જ રહે છે. ઉત્તમ પ્રકૃતિના જીવોને આત્મસ્થિરતામાં જ રસ હોવાથી, પ્રાયઃ તેઓ અન્ય કોઈ પણ વાતમાં પડતા નથી.

આવા સમ્યગ્દ્રષ્ટિ જીવોનો સ્વભાવ અક્રૂર અને પરિણામો શાંત હોવાથી પ્રાયઃ દેવગતિનું જ આયુષ્ય બાંધે છે અને ઈન્દ્રિય સુખ અને હીરા-માણેક-મોતી-જવેરાત ભોગવતા હોવા છતાં તેમાં આકર્ષણ ન હોવાથી દેવગતિથી નીકળીને મનુષ્યગતિમાં આવીને પ્રાયઃ મોક્ષમાર્ગમાં જ પ્રગતિ કરે છે. કદાચ તેઓને સમ્યગ્દર્શન છૂટી જાય તો પણ આવા જીવો અર્ધ પુદગલ પરાવર્તન કાળમાં આવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે જ છે.

ઉત્તમ પ્રકૃતિના જીવો પાપ-પુણ્યમાં (કર્મમાં) માનતા હોવાથી પ્રાયઃ આ જગતના કોઈપણ નીંદનીય કામ કરતા નથી.

તેમાંના મોટા ભાગનાં જીવો સમ્યગ્દ્રષ્ટિ હોવાથી, તેઓ પ્રાયઃ મોટાં પાપના કોઈ કામો કરતા નથી, કરાવતા નથી અને કરવાવાળાને સારા સમજતા નથી. તેઓ ધન અને મિલકત માટે કોઈપણ નીચા સ્તર સુધી જઈ શકતા નથી. તેઓ કોઈની સાથે છેતરપીંડી કરતા નથી, નાનો છોકરો હોય કે અજાણ્યો/ અભણ હોય છતાં તેઓ તેમને છેતરતા નથી. તેઓને સંસારમાં પાપોથી મળતા દુઃખોનો અને અનંત પરાવર્તનનો ખ્યાલ હોવાથી કોઈ પણ પાપ કરતા અવશ્ય અચકાય છે.

આવા લોકો ગુણવાનો ને જ સર્વગુણ સંપન્ન માનતા હોય છે અને તેઓનું જ અનુકરણ કરતા હોય છે. તેઓ ધનવાનોને સારું લગાડવા તેમના ખોટા ગુણગાન કરતા નથી. તેઓ પરલોકના સુખોની લાલચથી પ્રેરાઈને દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરતા નથી. પરંતુ તેઓ આત્મસ્થિરતા, પાપથી બચવા અને સ્વદયા-પરદયા અર્થે જ ચારિત્રનું શક્ય તેટલું પાલન કરે છે. આત્માના જ અર્થી હોવાથી અને સત્યધર્મની પ્રાપ્તિથી, આવા જીવોનું કલ્યાણ અવશ્ય થાય છે. આવા જીવો જો સર્વવિરતી સ્વીકારે છે તો તે પૂર્ણ શુદ્ધતાથી પાળવાનો પ્રયાસ કરે છે. તેઓ પ્રાયઃ કોઈપણ જાતના કાર્યક્રમો અથવા આયોજનો કરતા નથી. તેઓ માત્ર કર્મોના ઉદય અનુસાર કોઈપણ સમય-પત્રક રહિત યથાશક્ય શુદ્ધ ચારિત્ર પાળતા વિચરે છે. જે ઉત્તમ પ્રકૃતિના જીવો સર્વવિરતી પાળવા શક્તિમાન નથી હોતા તેઓ

શ્રાવક ધર્મ પાળે છે, પરંતુ પ્રાયઃ તેઓ અડધું-અધુરૂં સાધુપણું પાળીને પોતાને સાધુ ગણાવતા નથી.

હુંડા અવસર્પિણી પાંચમાં આરામાં (કળીયુગમાં) આવા લોકો બહુ જ ઓછા હોય છે. તેઓને માત્ર સંસાર-મુક્તિની જ ભાવના હોય છે. તેમને સત્યધર્મની ઓળખાણ હોવાથી, તેઓ જ્ઞાની જીવોને તેમના અભિપ્રાય અને ઉપદેશ ઉપરથી ઓળખી શકતા હોય છે. તેથી તેઓ ઢોંગી જીવોએ ફેલાવેલ કહેવાતા ધર્મમાં ન ફસાઈને પોતાનો અનંત સંસાર વધારવામાંથી બચી જાય છે અને બીજા જીવોને પણ તેવા તથાકથિત ધર્મથી બચાવી સત્યધર્મની ઓળખ કરાવવાની કોષિશ કરતા હોય છે. આવા જીવોને સત્ય-ધર્મનો ઉપદેશ અત્યંત રૂચતો હોય છે. સંસાર-મુક્તિ ખાતર જ તેઓ સત્ય-ધર્મ આચરતા હોય છે અને તેને માટે ઘણાં કષ્ટો પણ સહન કરતા હોય છે.

ઉત્તમ પ્રકૃતિના જીવો વ્રત, જપ, તપ, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, ભાવપૂજા વગેરે કરતા હોય છે. તેઓ તેમાં યોગ્ય ભાવ ભેળવી શકતા હોવાથી, તેમને તે ક્રિયાઓનાં ફળો બહુ ઉત્તમ મળે છે. તેઓ સર્વે ધર્મ-ક્રિયા મોક્ષ સુખ મળે અને સંસાર દુઃખ ટળે તે માટે જ કરતા હોય છે. તેઓ સંસારને અસાર જ માને છે. આવા જીવોથી ઘણાં લોકોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે અને એમનો પણ કાળક્રમે મોક્ષ જ થાય છે.

ઘણાં સમ્યગ્દર્શન સન્મુખ જીવોમાં ઉત્તમ પ્રકૃતિ આંશિકરૂપે

પણ હોય છે. આંશિકરૂપે વિમધ્યમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. જેમ કે અમુક ક્ષેત્રમાં, કામમાં, વર્તનમાં, વાણીમાં, વિચારોમાં અથવા વ્યવહારમાં તેઓમાં વિમધ્યમ પ્રકૃતિ પણ હોઈ શકે છે. તેઓ અનંત સંસારનાં ડરથી અને મોક્ષની અભિલાષાથી જ ઉત્તમ પ્રકૃતિરૂપ પરિણમે છે. ક્યારેક આવા જીવોને લોભ-લાલચ-માયા વશ અથવા ક્રોધ-માનવશ વિમધ્યમ, મધ્યમ અથવા અધમ પ્રકૃતિ પણ પ્રાપ્ત થતા પણ વાર લાગતી નથી.

અત્રે કોઈને સવાલ થાય કે ઉત્તમ પ્રકૃતિ ધારક જીવ બનવા માટે શું કરવું જોઈએ?

**ઉત્તર :-** ઉત્તમ પ્રકૃતિ ધારક જીવ બનવા દરેકે સત્ય-ધર્મની ઓળખ કરવી જોઈએ, સમ્યગ્દર્શન માટેની યોગ્યતા કેળવવી જોઈએ. પોતાને શું ગમે છે, તે તપાસવાથી ખબર પડશે કે પોતાને સંસાર ગમે છે કે મોક્ષ ગમે છે, જેને સંસાર ગમે છે તે હજુ ઉત્તમ પ્રકૃતિ ધારક જીવ હોવાની શક્યતા બહુજ ઓછી છે. સમ્યગ્દર્શન માટે જીવે પોતાનો ગમો ચકાસવો જોઈએ. કારણ કે ગમા પ્રમાણે લોકોની સહજ પ્રવૃત્તિ હોય છે. જો એકમાત્ર સત્ય-ધર્મ જ ગમતો હોય અને તે પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમાં જ રસ હોય તેવો જીવ ઉત્તમ પ્રકૃતિ ધારક જીવ હોય છે. સત્ય-ધર્મની પ્રાપ્તિના પુરૂષાર્થમાં વિઘ્ન આવી શકે છે, મોહી જીવો તમે ખોટા માર્ગે છો એવું પણ કહી શકે છે. પરંતુ જેનો લગાવ તીવ્ર હોય તેના માટે વિઘ્નજય પણ આસાન હોય

છે. તેવા જીવો પોતાના અભિપ્રાયમાં જેટલું પરિવર્તન લાવે છે તેનાથી પોતાનો ફાયદો જોઈને પોતાની આજુ-બાજુમાં અન્ય જીવોને પણ સત્ય-ધર્મની પ્રેરણા કરતા હોય છે. આવા જીવોને પ્રભાવનાનો ભાવ સહજ હોય છે. આવા જીવોનું આચરણ સંપૂર્ણ જ હોય એવું જરૂરી નથી, પરંતુ માન્યતા સંપૂર્ણ અવશ્ય હોય છે.

સમ્યગ્દર્શન માટેની યોગ્યતાનુ વર્ણન અમે અમારા પુસ્તક સુખી થવાની ચાવીમાં કરેલ છે. તેનું વિસ્તૃત વર્ણન અમારા અન્ય પુસ્તક સમ્યગ્દર્શનની રીતમાં પણ કરેલ છે. આ ઉપરાંત સર્વે જનોએ યુનિવર્સલ લો નિત્ય (દરરોજ) વાંચવા યોગ્ય છે, ચિંતન કરવા યોગ્ય છે. આ તમામ સાહિત્ય અમારી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. Website - www.jayeshsheth.com

જેઓને આ પુસ્તકો જોઈતા હોય તેઓ શૈલેશભાઈ શાહ અથવા મનીષભાઈ મોદીને ફોન અથવા વોટ્સએપ કરીને નિઃશુલ્ક મંગાવી શકે છે. તેમના ફોન નંબર આ પ્રમાણે છે.

શૈલેશભાઈ શાહ - Mobile - ૯૮૯૨૪૩૬૭૯૯ / ૯૩૨૪૩૩૭૩૨૬. (9892436799 / 9324337326)

મનીષભાઈ મોદી - Mobile - ૯૮૨૦૮૯૬૧૨૮. (9820896128).

જીજ્ઞાસુ જીવોએ ઉપરોક્ત બંને પુસ્તકોનો શાંતિથી ગહન અભ્યાસ, ચિંતન, મનન કરવું જોઈએ. તેને વારંવાર વાંચવા

જોઈએ. તેમાં અમે જણાવેલ છે કે જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં જો તે જ કાળે પોતાને તે રાગ-દ્વેષથી ભિન્ન એવો શુદ્ધાત્મા તરીકે અનુભવ કરી શકે છે તે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. તે જ સમ્યગ્દર્શનની રીત છે. આ માત્ર વાતો કરવાની નથી, પરંતુ સમજવાની છે કારણ કે આ માનસિકરૂપે પ્રયત્ન કરવાથી નથી થતું પરંતુ યોગ્યતા કેળવવાથી સહજ થાય છે, તે પ્રક્રિયાનું જ વર્ણન કરેલ છે. અહીંયા સમજવાનું એ છે કે જે જીવ ભેદજ્ઞાન કરી શકે તે જ જીવ જ્ઞાની બની શકે છે. આ વાત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી કહેવામાં આવેલ છે અને તે જ રીતે અનુભવમાં આવે છે.

અનેક લોકોને આવો પ્રશ્ન થાય કે અત્યારેતો આપણે અશુદ્ધ છીએ તો શુદ્ધાત્માનો અનુભવ કેમ કરી શકીએ? તેઓને અમે જણાવીએ છીએ કે આ વાત નયની છે. તેથી જેને નયોનું યથાર્થ જ્ઞાન હોય તે જ આ વાત સમજી શકશે. અથવા જેને નયોનું જ્ઞાન નથી પરંતુ જેણે યોગ્યતા પ્રાપ્ત થયેલ છે, કરેલ છે તેને આપોઆપ નયોનાં અભ્યાસ વગર પણ શુદ્ધાત્માનો અનુભવ થશે અને તેનો અપૂર્વ આનંદ પણ પ્રાપ્ત થશે.

ઉપર જણાવેલ સમ્યગ્દર્શન ઓપશમિક અથવા ક્ષયોપશમિક પણ હોય શકે છે. તેથી શુદ્ધાત્માના અનુભવની સ્પષ્ટતામાં અવશ્ય ફરક હોઈ શકે છે, પરંતુ તેના આનંદમાં વધારે ફરક હોતો નથી.

પરિણામ પલટાતાં કોઈ જીવોમાં ઉત્તમ પ્રકૃતિ પલટીને મધ્યમ, વિમધ્યમ અથવા અધમ પ્રકૃતિ પણ આવી શકે છે. ક્યારેક આવા જીવોને લોભ-લાલચ-માયા વશ અથવા ક્રોધ-માન વશ મધ્યમ, વિમધ્યમ પ્રકૃતિ અથવા અધમ પ્રકૃતિ પ્રાપ્ત કરતાં પણ વાર લાગતી નથી. અત્રે ઉત્તમ જીવો વિશેનું વર્ણન વાંચીને, પોતાને તપાસી-ચકાસીને મોક્ષમાર્ગમાં આગળ વધવા પુરૂષાર્થ કરવો જોઈએ. આવાં લક્ષણો જો આપણામાં ન હોય તો ત્વરાએ મોક્ષના લક્ષે તે પ્રાપ્ત કરવા પુરુષાર્થ આદરવો જોઈએ.

**6. ઉત્તમોત્તમ પ્રકૃતિ :-** ઉત્તમોત્તમ પ્રકૃતિ ધારક જીવો કેવલી ભગવાન અથવા તીર્થંકર ભગવાન હોય છે. તેઓ કૃતકૃત્ય હોય છે. તેઓ વર્તમાન જીવનનું આયુષ્ય પૂર્ણ થયા બાદ સિદ્ધ ભગવાન જ બનવાના છે. ઉત્તમોત્તમ પ્રકૃતિ ધારક જીવો વિશે બીજો મત એવો પણ છે કે તેમાં માત્ર તીર્થંકર પ્રકૃતિના ધારક જીવોનો જ સમાવેશ થાય છે કારણ કે તેઓ ધર્મની સ્થાપના કરે છે કે જેનાથી તેમના સિદ્ધ થયા બાદ પણ અનેક જીવો સિદ્ધ થઈ શકે છે. પરંતુ અમારા મતે સર્વ કેવળજ્ઞાની જીવો ઉત્તમોત્તમ પ્રકૃતિના ધારક જીવો ગણાય કારણ કે તેઓ આ લોકનું ઉત્તમોત્તમ/સર્વશ્રેષ્ઠ એવું સિદ્ધ પદ પામવાના જ છે તેથી તેઓ ઉત્તમોત્તમ પ્રકૃતિ ધારક જીવો છે. અમારા મતે તેઓ બીજાં જીવોને મોક્ષમાર્ગ પમાડે છે અથવા નથી પમાડતા તેવા

માપદંડથી તેઓની પ્રકૃતિ વિશે નિર્ણય ન લઈ શકાય તેથી સર્વે કેવળજ્ઞાની જીવો ઉત્તમોત્તમ પ્રકૃતિના ધારક જીવો જ છે.

ઉત્તમોત્તમ પ્રકૃતિ ધારક જીવો આપણાં માટે પૂજ્ય, સ્તુત્ય, શ્રદ્ધાસ્થાનરૂપ, સત્ય-ધર્મના ઉત્કૃષ્ટ ફળરૂપ અને લક્ષ્યરૂપ છે. તેઓ આત્માનાં અવ્યાબાધ આનંદમાં મગ્ન હોય છે. તેઓ જ આપણને મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાવાળા છે. તેથી તેઓ આપણાં અનંત ઉપકારી છે. આપણે તેઓની પૂજા અવશ્ય કરીએ છીએ પરન્તુ તેમણે બતાવેલ માર્ગ ઉપર ચાલવામાં અવશ્ય ઉણા ઉતર્યા છીએ તેથી જ આપણે અત્યાર સુધી સંસારમાં રખડીએ છીએ. ખરેખર તેમના બતાવેલ માર્ગ ઉપર ચાલવું તે જ તેઓની યથાર્થ પૂજા છે માટે હવે આપણે એમ નક્કી કરવું જોઈએ કે હવે આપણે અહર્નિશ (રોજેરોજ) તેમણે બતાવેલાં માર્ગ ઉપર ચાલવાનો પુરૂષાર્થ કરીશું. જો આપણે પણ તેમણે બતાવેલ સત્ય-ધર્મના માર્ગ ઉપર ચાલીશું તો અચુક જ આપણે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ બનીશું. તેથી અમારી સર્વેને એ જ શુભેચ્છા છે કે આપણે સૌ પણ સત્ય-ધર્મના માર્ગ ઉપર ચાલીને ત્વરાએ સિદ્ધ બનીએ.

અસ્તુ.

**પ્રશ્ન** - ધર્મ એટલે શું?

**ઉત્તર** - ધર્મનો સામાન્ય અર્થ સંપ્રદાય અનુસાર કરવામાં/સમજવામાં આવે છે. પરંતુ ધર્મનો સાચો અર્થ 'વસ્તુનો સ્વભાવ (ગુણધર્મો) તે ધર્મ' છે.

**પ્રશ્ન** - આત્માનો સ્વભાવ (ગુણધર્મ) શું છે?

**ઉત્તર** - આત્માનો સ્વભાવ (ગુણધર્મ અર્થાત્ લક્ષણ) જાણવા-જોવાનો (દેખવાનો) છે.

**પ્રશ્ન** - આત્માની ઓળખ શું? તેનો અનુભવ કઈ રીતે થાય?

**ઉત્તર** - સર્વેજનોને પોતાના ભાવો, જ્ઞાન, જગત, વગેરે જણાય છે. છતાં પોતાને આત્મા નહી માનતા શરીર સમજે છે કે જે મિથ્યાત્વ છે. જો પોતાને શરીર માનવામાં આવે તો આંખ સારી હોવા છતાં મૃત્યુ બાદ તે આંખોથી દેખી શકાતું નથી પરંતુ તે જ આંખોને જો કોઈ પ્રજ્ઞાચક્ષુના શરીરમાં પ્રત્યારોપણ કરવામાં આવે તો, તે દેખી શકે છે. તેથી નક્કી થાય છે કે જાણવા-જોવાવાળો આત્મા મૃત શરીરમાંથી ચાલ્યો ગયો છે, જ્યારે તેવો જ જાણવા-જોવાવાળો આત્મા તે પ્રજ્ઞાચક્ષુના શરીરમાં હાજર/બીરાજમાન છે કે જેને કારણે તે દેખી શકે છે. આ જ રીતે જાણવા-જોવાવાળા આત્માની ઓળખ કરી, આંખોથી જ્ઞેયોને નિહાળે છે તે જ્ઞાયક-જાણવાવાળો તે હું પોતે જ, નહિ કે આંખો અને તે જ હું છું, 'સોહં', 'તે જ્ઞાનમાત્ર સ્વરુપ જ હું છું' એમ નક્કી કરવું અર્થાત્ હું માત્ર જોવા-જાણવાવાળો જ્ઞાયક-જ્ઞાનમાત્ર-શુદ્ધાત્મા છું એવી ભાવના ભાવવી અને તેમજ અનુભવવું. તે જ અનુભવની/સમ્યગ્દર્શનની રીત છે.

**પ્રશ્ન** - સમ્યગ્દર્શન માટે શું યોગ્યતા જરૂરી છે?

**ઉત્તર** - સામાન્ય રીતે સજ્જનતા, સરળતા, અન્યાય-અનિતિનો ત્યાગ, અભક્ષ્ય (માંસ, મચ્છી, માખણ, મધ, કંદમૂળ, રાત્રિભોજન, અથાણું, પાપડ, વગેરે)નો ત્યાગ, સપ્ત મહાવ્યસન (જુગાર, દારુ, માંસ, વેશ્યાગમન, ચોરી, શિકાર અને પરસ્ત્રીગમન અથવા પરપુરુષગમન)નો ત્યાગ, ભવભ્રમણનો ડર, સંસાર અસાર લાગવો, ભવ રોગ સમાન લાગવો, સ્વ-આત્માના કલ્યાણની તીવ્ર ઈચ્છા, બાર ભાવનાનું ચિંતન, સર્વે જીવોને મૈત્રી વગેરે ચાર ભાવનાથી જ જોવા-સમજવા, તત્ત્વનો નિર્ણય કરવો અને સાચા દેવ-ગુરુ-ધર્મ/શાસ્ત્રનો પરમ આદર આવશ્યક છે.

**મૈત્રી ભાવના** – સર્વ જીવો પ્રત્યે મૈત્રી ચિંતવવી, મારો કોઈ જ દુશ્મન નથી એમ ચિંતવવું, સર્વ જીવોનું હિત ઈચ્છવું.

**પ્રમોદ ભાવના** – ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણ પ્રત્યે, વીતરાગ ધર્મ પ્રત્યે પ્રમોદભાવ લાવવો.

**કરુણા ભાવના** – અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

**મધ્યસ્થ ભાવના** – વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

**- મુખપૃષ્ઠની સમજણ -**

આપના જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય અને તેના ફળરૂપ-અવ્યાબાધ સુખસ્વરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય એજ ભાવના.